June 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ESTD. 1912
સેવા ✻ સહકાર ✻ સંગઠન

Year 13 ● Issue 8 / 148

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શતાબ્દી ઉજવણી વર્ષમાં આયોજિત ''ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી ફેર''ના આયોજન માટે રચાયેલ વિવિધ કમિટિઓ કાર્યરત થઈ ગઈ છે.

વ્યવસાયિક પટ્ટણીઓના વ્યવસાયોને **વિસ્તારવા તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે, NSCI Dome યોજાયેલ ટ્રેડફેર વખતે યલો પેજીસ ડિજીટલ ડિરેક્ટરીનું વિમોચન થનાર છે.** ગત અંકમાં આ માટેના છપાયેલ ફોર્મ સમાજના સૌ વ્યવસાયિકો ભરીને મંડળના કાર્યાલયમાં મોકલી આપશો, જેથી આપણા સમાજના ઉદ્યમી વ્યવસાયીઓનો વ્યવસ્થિત ડેટા બની શકે.

ટ્રેડફેરમાં સ્ટોલ રાખી સામેલ થવા ઈચ્છુકોએ ભરવાના ફોર્મ પણ ગત અંકમાં છાપેલ તે સીવાય કન્વીનરો તથા મંડળની ઓફિસ અને ઓનલાઈન ઉપલબ્ધ છે. ઉપર્યુક્ત પ્રસંગે સમાજના સૌ મિત્ર-મંડળ સહિત પધારી પટ્ટણીઓની પ્રગતિને પ્રત્યક્ષ નિહાળી સમાજના વ્યવસાયિકોનો ઉત્સાહ વધારશો એવો મને દ્રઢ વિશ્વાસ છે.

**તા. ૧૪-૦૭-૨૦૧૯ને રવિવારે ''સંગીત સરગમ''નો** એક ખાસ કાર્યક્રમ મલાડથી વિરાર સુધીમાં વસવાટ કરતાં પરિવારો માટે આયોજીત કરેલ છે. શતાબ્દી ઉજવણી નિમિત્તે આપણે આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છીએ.

શતાબ્દી ઉજવણી પ્રસંગે શ્રી પાટણ જૈન મંડળ તરફથી જરૂરિયાતવાળા પરિવારો માટે એક વર્ષ સુધી એજ્યુકેશનનો મહત્તમ ખર્ચ આપવામાં આવે તેવી વિચારણા ચાલી રહી છે. હાલમાં અનેક વિદ્યાર્થીઓ શ્રી પાટણ જૈન મંડળની આર્થિક સહાયથી વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે જઈ રહ્યા છે, આ હેતુ માટે પાટણ બેન્ક દ્વારા પણ પાટણ બેન્કના શેર હોલ્ડર્સ વેલ્ફેરને અનુલક્ષીને એમના પરિવારના સભ્યોને Concessional Interest (9%) પર આર્થિક સહાય આપવામાં આવે છે. પાટણ સમાજનાં તમામ સભ્યોને ખાસ અપીલ કરું છું કે, જો તમે પાટણ બેન્કના શેર હોલ્ડર્સ ન હોવ તો તાત્કાલિક ધોરણે મેમ્બર બનશો તો એજ્યુકેશન લોન ઉપરાંત ઈન્સ્યુરન્સ વિગેરે અનેક લાભ મળી શકશે.

શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે પાટણના પરિવારોને મેડિકલેઈમ પ્રિમિયમમાં પણ સહાયતા આપવામાં આવે છે. જે પરિવારોએ મેડિકલેઈમ પોલીસી ન લીધી હોય તેમને મારુ ખાસ સૂચન છે કે, મેડિકલેઈમની પોલીસી તાત્કાલિક લેશો. અણધાર્યા સંજોગોમાં બીમારી સમયે આ મેડિકલેઈમ પોલીસી આશીર્વાદરૂપ બને છે, હાલમાં વધતાં જતાં મેડિકલ ખર્ચને જોતાં તમારી હાલની પોલીસીની રકમમાં પણ શક્ય તેટલો વધારો કરશો. મંડળમાં પણ મર્યાદિત ફંડ હોવાથી સભ્યો મેડિક્લેઈમ લઈ Maximum risk cover કરે તે હીતકારક છે.

**સમાજ ઉત્કર્ષ સમિતિ આ વર્ષે ગૃહઉદ્યોગ/ધંધા માટે એક લાખ સુધીની લોન સહાય આપી રહી છે.** સમાજનાં પરિવારો આર્થિક પ્રગતિ માટે જરૂરી ટ્રેનિંગ કોર્ષ કરવા માટે પણ શ્રી પાટણ જૈન મંડળ સહાયતા આપી રહ્યું છે. નાણાનાં અભાવે આપને ગૃહઉદ્યોગમાં કે નાના મોટા ધંધામાં તકલીફ હોય તો શ્રી પાટણ જૈન મંડળની સમાજ ઉત્કર્ષ સમિતિને લખી જણાવશો. શતાબ્દી ઉજવણી નિમિત્તે આર્થિક સહાય ઉદારતા પૂર્વક આપવામાં આવી રહી છે જેનો લાભ અવશ્ય લેશો.

શતાબ્દી ઉજવણી નિમિત્તે આપણે અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છીએ. આ સાથે આપણે શિક્ષણ ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે તથા સમાજનાં આર્થિક વિકાસ માટે પણ વિશેષ પ્રમાણમાં સહાય કરી રહ્યા છીએ. શતાબ્દી ઉજવણી ફંડમાં સમર્થ દાતાઓ રૂપિયા પાંચ લાખ આપીને શતાબ્દી ઉજવણીમાં સાચા અર્થમાં સહભાગી બની સમાજની અનેક કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં સહયોગી બની સમાજ પ્રત્યેનું ઋણ અદા કરે તેજ અભ્યર્થના.

❑ દિનેશ શાંતિલાલ શાહ

**શ્રી પાટણ જૈન મંડળ**

સામાજિક સંસ્થામાં કામ કરેલ ગુજરાતી તથા અંગ્રેજી ભાષાના જાણકાર અનુભવી **આસિસ્ટન્ટ મેનેજરની** જરૂરત છે

**સંપર્ક કરો એડમિનિસ્ટ્રેશન સેક્રેટરી**

**શ્રી અશ્વીનભાઈ શાહ મો. 9322229411**

**શ્રી શૈલેષભાઈ શાહ મો. 9821023693**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

# અમૃત મહોત્સવ વર્ષ ઉજવણીનો શુભારંભ, સ્થાપના દિનની ભવ્ય ઉજવણી



Ph.D ની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ ડૉ યશવંતભાઈ ઝવેરીને પ્રશસ્તિ પત્ર અર્પણ




ડી.ઈ.ઓ. શ્રી એ.પી. ઝાલા સાહેબનું શાલ ઓઢાડી બહુમાન

તા. ૧૬-૦૬-૨૦૧૯ના શુભ દિને શ્રી બી.ડી.એસ. વિદ્યાલયે ૭૫માં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. અમૃત મહોત્સવ ઉજવણી વર્ષનો શુભારંભ સ્થાપના દિનની ઉજવણીથી કરાયો હતો. રવિવારે સવારે ૭ થી ૮ દરમ્યાન સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા **શેઠશ્રી ભોગીલાલ દોલતચંદ અને શેઠાણી જીવકોરબાના સ્ટેચ્યુની પૂજા અને ફુલહાર કરવામાં આવ્યા.** ત્યારબાદ વિદ્યાર્થીઓની સમુહ પ્રાર્થના અને સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા સ્પીચ આપવામાં આવી હતી. સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન સમગ્ર સ્કુલના વિદ્યાર્થીઓએ ડી.જે.ના તાલે ગરબા અને ડાન્સનો ભરપુર આનંદ માણ્યો હતો. આ આનંદ ઉત્સવમાં પ્રિન્સીપાલશ્રી, શિક્ષકગણ તથા બહારગામથી પધારેલા મહેમાનો અને વિદ્યાલય સમિતિના સભ્યો પણ સહભાગી બની ગરબા રમ્યા હતા. ગરબા પછી વિદ્યાર્થીઓને આજના શુભદિને આઈસ્ક્રીમ ખવડાવી મીઠુ મોઢુ કરાવવામાં આવ્યું હતું.

બરોબર ૧૦.૧૫ કલાકે બહારગામથી આવેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા મહેમાનોને સ્કુલ તથા સ્માર્ટ ક્લાસની મુલાકાત કરાવી માહિતગાર કર્યા હતા.

૧૧.૦૦ કલાકે વિદ્યાલયના સેન્ટ્રલ હોલમાં સ્થાપના દિન ઉજવણી સમારંભનું આયોજન કરાયું હતું. જેના અધ્યક્ષ સ્થાને પૂર્વ ગૃહરાજ્યમંત્રી **શ્રી રજનીભાઈ પટેલ,** ઉદ્‌ઘાટક શિક્ષણ અધિકારી **શ્રી એ.પી. ઝાલા સાહેબ** તથા મુખ્ય મહેમાન ઉપપ્રમુખ **ડૉ. યશવંતભાઈ ઝવેરી,** માનદ્‌મંત્રી **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** વિદ્યાર્થી એશોસિયેશનના પ્રમુખ **શ્રી ચીનુભાઈ** તથા અતિથિ વિશેષ **ડૉ. પ્રકાશભાઈ દરજી** (અમદાવાદ)ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

પ્રિન્સીપાલ **ડૉ. બળદેવભાઈ દેસાઈ** દ્વારા સૌને હાર્દિક આવકાર અપાયા બાદ માનદમંત્રી**શ્રી રાજેન્દ્રભાઈએ** પ્રાસંગિક પ્રવચનમાં સ્કુલની ૭૫ વર્ષની તાસીર તેમજ અમૃત મહોત્સવ ઉજવણી વર્ષની વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત અમૃત મહોત્સવ ઉજવણીના મુખ્ય આધારસ્થંભ બની આર્થિક સહયોગ આપનાર સ્કુલના ભુતપૂર્વ વિદ્યાર્થી **ભરતભાઈ સી. શાહ** (કુંભારીયા પાડો) **શ્રી દાનેશભાઈ વી. માટલીવાળા** (કનાસાનો પાડો) અને **શ્રી જતીનભાઈ પી. શાહ** (કનાસાનો પાડો) પ્રતી આભાર વ્યક્ત કર્યો હતો. અધ્યક્ષ સ્થાનેથી બોલતા **શ્રી રજનીભાઈએ** વિદ્યાલયના ડેવલપમેન્ટ બાબતે સરકારીશ્રીની જરૂરિયાત અંગે દરેક મદદની ખાત્રી આપી હતી. શિક્ષણ અધિકારી **શ્રી ઝાલા સાહેબે** જણાવ્યું હતું કે, આ વિદ્યાલયની મુલાકાતથી હું ખૂબ પ્રભાવીત થયો છું, શાળા ખૂબ પ્રગતિ કરે તેવી શુભ કામનાઓ આપી હતી.

આજના પ્રસંગે મંડળના ઉપપ્રમુખ **ડૉ યશવંતભાઈ ઝવેરીનું** ડોક્ટરેટ પીએચડી ડીગ્રી (Ph.D)પ્રાપ્ત કરવા બદલ ભૂતપૂર્વ વિદ્યાર્થી એશોસિયેશન દ્વારા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું. ડૉ. યશવંતભાઈએ પોતાના વક્તવ્યમાં સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આજના શુભદિને સ્કુલનાજ વિદ્યાર્થી **શ્રી જોગાજી ઠાકોર** કે જે પ્રોફેશનલ સિંગર છે, તેઓ દ્વારા અમૃત મહોત્સવ પ્રસંગે સ્કુલ માટે ખાસ રેકોર્ડીંગ કરાયેલ બે ગીતો તેમજ સમય ગુજરાત ન્યૂઝ ચેનલ દ્વારા તૈયાર કરાયેલ વિદ્યાલયની પાંચ મિનિટની એક ડોક્યુમેન્ટરી ફિલ્મનું પણ લોન્ચીંગ કરાયું હતું.

સવારથી બપોર સુધીના સમય આનંદ - ઉત્સાહમાં વિતાવ્યાબાદ મહેમાનો, શિક્ષકો અને વિદ્યાલય સમિતિ સહીત સૌએ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગોની વિગતવાર માહિતી આપવા તા. ૧૫-૬-૨૦૧૯ના દિને પ્રિન્સીપાલ**શ્રી ડૉ. દેસાઈ** અને માનદ્‌મંત્રી**શ્રી રાજેન્દ્રભાઈની** ઉપસ્થિતિમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું, જેમાં લગભગ ૧૮ પત્રકાર હાજર રહ્યા હતા. આ પ્રેસ કોન્ફરન્સમાં અમૃત મહોત્સવ ઉજવણી વર્ષ ઉજવવા માટેના વર્ષ દરમ્યાનના કાર્યોક્રમોની માહિતી આપવામાં આવી હતી.



સ્થાપનાદિન ઉજવણી પ્રસંગે પધારેલ મહેમાનો

**શું આપશ્રી બી.ડી.એસ. વિદ્યાલય-પાટણનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી છો ?**
**અમૃત મહોત્સવ ઉજવણી પ્રસંગે સહભાગી બનવા, નિમંત્રણ કાર્ડ મોકલવા આ ફોર્મ ન ભર્યુ હોયતો આજેજ ભરીને મોકલી આપવા વિનંતી.**

# B.D.S.V. Ex-Student Registration Form

**Name :** ______________________ **Age :** ________

**Address :** ______________________________________

______________________________________

**Tel No :** ________________ **Mob No :** ________________

**Email ID :** ______________________________________

**School Leaving year :** ____________ **Total year of Studies :** ________

**Present Status : Business** ☐ **Job** ☐ **Retired** ☐

**Firm :** ________________ **Type of Business :** ________________

**Address :** ______________________________________

**Please Return to : Vidhyalay samiti**

**SHREE PATAN JAIN MANDAL**

77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020
T : 22811346 / 22811218 · M : 9167902267 ✲ E : patanmandal@gmail.com
W : www.patanmandal.org ✲ Goregaon Office & Borivali Office
✲✲✲
Patan-Gujrat
B.D.S. Vidhyalay, Out side Fatipal Gate,
Shree patan jain mandal marg, Patan (N.G) Tel : 02766 220454

**You can Send The Form through whats'app**

| | |
|---|---|
| Yashwantbhai H. Jhaveri<br>9820088997 | Rajendra J. shah<br>9322227209 |
| Danesh V. Shah<br>9930891985 | Bharat C. Shah<br>9323189941 |
| Hitesh J. Shah<br>9820533818 | Dr. BaldevBhai Desai<br>9426040542 |


# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

**મે - ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

**મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

| | |
|---|---|
| શ્રીમતી પદમાબેન પ્રવિણભાઈ ભોગીલાલ શાહ (ઢંઢેરવાડો) | ૧,૦૧,૦૦૦ |
| શેઠ ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ ટ્રસ્ટ (પાર્લા) | ૩૩,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી વિશાખાબેન શિરીષભાઈ શાહ | ૨૫,૦૦૦ |
| શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ | ૨૨,૦૦૦ |
| શ્રી દર્શીતભાઈ હેમાંગભાઈ શાહ (વાસુપુજ્યની શેરી) | ૨૧,૦૦૦ |
| શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ(સાંતાક્રુઝ-વે) | ૧૭,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન ટી. શાહ | ૧૫,૧૧૧ |
| શ્રી પ્રિતીબેન રાજીવભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી કિન્નરીબેન જીગરભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી જીગરભાઈ ચંદ્રકાંતભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી રસિકલાલ ખોડીદાસ શાહ (ચૌધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| IIDE Education P. Ltd., Mumbai | ૧૧,૦૦૦ |
| શ્રીમતી જૈનીતાબેન એ. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી દિશાબેન બી. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી દિપિકાબેન નવીનભાઈ શાહ, અમદાવાદ | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ એમ. શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (સીક્કાનગર) | ૧૧,૦૦૦ |
| શ્રી નિરવભાઈ પ્રબોધભાઈ મહેતા | ૧૦,૦૦૦ |
| શ્રી સુબીરભાઈ પ્રબોધભાઈ મહેતા | ૧૦,૦૦૦ |
| શ્રીમતી પુર્ણીમાબેન પ્રબોધભાઈ મહેતા | ૧૦,૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન રાજેન્દ્રભાઈ શાહ (બોરીવલી) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન રમેશભાઈ શાહ (અંધેરી-વે) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી જ્યોતિબેન તેજપાલભાઈ શાહ (ફોફલીયાવાડો) | ૧૦,૦૦૦ |
| શ્રી દક્ષાબેન શાહ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## તંત્રી સ્થાનેથી...

# સમૃદ્ધ સમાજ તરફ પ્રયાણ...

પાટણના ઝળહળતાં સિતારાઓ દુનિયાભરમાં વિવિધક્ષેત્રોમાં સિદ્ધિ મેળવી વ્યક્તિગત રીતે એમનું, કુટુંબનું, સમાજ તેમજ રાષ્ટ્રનું નામ રોશન કરતા રહે છે. પ્રતિબિંબના માધ્યમથી આ ખુશખબર સમાજના સૌને મળતાં સમાજમાં ખુશી સાથે રોમાંચની લાગણી સૌને થાય તે સ્વાભાવિક છે.

**શ્રી સંજયભાઈ,** જે શ્રીમતી નયનાબેન તેમજ મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહના સુપુત્ર છે (સિદ્ધચક્રની પોળ) તેમની અમેરિકા સ્થિત અંતરરાષ્ટ્રિય કંપની (દુનિયાના ૧૮ દેશોમાં શાખાઓ ધરાવે છે) તેમને તા. ૧૨મી જૂને ૨૦૧૯ના દિવસે અમેરિકાનો બહુ પ્રતિષ્ઠિત **''એન્ટરપ્રીનર ઓફ ધ ઈયર ૨૦૧૯ એવોર્ડ''** મળ્યો તે દરેક પટ્ટણીએ ગર્વ કરવા જેવી સિદ્ધિ છે. આજ રીતે શ્રી મહેન્દ્રભાઈ (ગુંદરવાળા) તેમજ સ્વ. તરૂણાબેનની પુત્રી **જીજ્ઞા ઓઝા** ને (વાસુપુજ્યની શેરી) વર્લ્ડ પેકેજીંગ ઓરગેનાઈઝેશન દ્વારા ૩૧૯ પેકેજીંગ પ્રોડક્ટ્સમાંથી તેમના **ઓરબેન્ગો જ્યુસના પેકેજીંગને Prague, યુરોપમાં એવોર્ડ અર્પણ થયો.** રમત ગમત - એથ્લેટીક ક્ષેત્રે **કુ. સાક્ષી,** શ્રીમતી અમીષીબેન તથા શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ(કનાસાનો પાડો)ની સુપુત્રીને ૧૨મી કોરીયન ઓપન ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ, જે Busan, South Koreaમાં યોજાઈ હતી તેમાં વ્યક્તિગત એક સુવર્ણ ચંદ્રક તેમજ ટીમ ઈવેન્ટમાં ટીમને પણ એક સુવર્ણ અને એક કાસ્ય ચંદ્રક મળી ત્રણ ચંદ્રકો મળ્યા. આ ઉપરાંત શિક્ષણમાં **કુ. વિધી,** શ્રીમતી નીકીતાબેન અને શ્રી ધીરેનભાઈ પ્રવીણચંદ્ર શાહની સુપુત્રીને, કે.જે. સોમૈયા ઈન્સ્ટીટ્યુટ મેનેજમેન્ટ સ્ટડીઝ MBA ના ૨૦૧૬-૨૦૧૮ના બેચમાં સુવર્ણ પદકથી નવાજેલ છે.

વ્યવસાય ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે તેમજ સ્પોર્ટસના ક્ષેત્રે આપણા સમાજના સભ્યો રાષ્ટ્રીય તેમજ અંતરાષ્ટ્રીય સ્તરે અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરતાં રહે છે. સમાજમાં રહેલ આવી ઘણી વ્યવસાયી વિરલ પ્રતિભાઓને ઉજાગર કરવા **''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર'' એક સુંદર પ્લેટફોર્મ પુરુ પાડશે.** સમાજના સૌ પ્રતિભાવંતોએ આવનાર તક ઝ ીલી લઈ પોતાની પ્રતિભાને ટ્રેડફેરના માધ્યમથી વિશાળ ફલક સમક્ષ રજુ કરવા સુંદર તક છે.

શ્રીમંતાઈ સાથે ઉદારતા, સૌજન્ય તેમજ વિનય વિવેક આવે ત્યારે એવા શ્રીમંતો પર સમાજને ગર્વ થાય. પરમ કૃપાળુ પરમાત્માની અમી દ્રષ્ટિથી ઉપર્યુક્ત સદ્‌ગુણોની સુવાસથી મહેકતી શ્રીમંતોની ઉપસ્થિતિ આપણા સમાજમાં હંમેશ રહી છે. સખાવતની ઉદ્દત ભાવનાવાળા આ મોભીઓજ સમાજ ઉત્કર્ષના **આપણા દરેક પ્રોજેક્ટોના ''પ્રાણવાયુ'' સમાન છે. ''નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે સુવાસી ફળ-ફુલો ખાતા નથી, વાદળા પોતે ધાન્યના માલિક થતાં નથી'' એજ રીતે સત્પુરુષોની સમૃદ્ધિ પોતાના માટે નહીં પણ પરોપકાર માટે જ છે એટલે જ કહેવાનું તાત્પર્ય એટલું કે,** શતાબ્દી ઉજવણી વર્ષમાં આ મોભીઓની Success Storyથી સમાજના યુવાનોને વાકેફ કરી તેમને પ્રોત્સાહિત કરી શકાય તે માટે **તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર, વર્લી NSCI Dome જેવા મોકાના સ્થળે રાખવામાં આવેલ ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''માં આપણા સમાજનાં Corporate House, Business House તેમજ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો, સ્ટોલધારક બની ઉપર્યુક્ત ટ્રેડફેરમાં સામેલ થાય જેથી સમાજની પ્રતિષ્ઠા તો વધશે જ અને તેમની નાની-મોટી Requirment પાટણના સપ્લાયર પાસેથી ભવિષ્યમાં લેવાનો અભિગમ રાખી "Patani for Patani Project" ને સાર્થક કરવા સહકાર મળે તે ઈચ્છનીય છે.**

ટ્રેડફેર જેવા આયોજનો સામાન્ય રીતે દરેક સમાજો દ્વારા યોજાય તે સંભવ નથી, પરંતુ જે પણ સમાજો દ્વારા યોજાતા હોય છે તેમાં નોખા તરી આવવું તેને આગવી સુઝ કહેવાય. આ ઉક્તિને સાર્થક કરવા સંસ્થા દ્વારા પ્રથમ ટ્રેડફેરનું આયોજન હાથ ધરાયેલ જેમા, પ્રારંભિક તબક્કે વિલેપાર્લા, વિશ્વકર્મા બાગ ખાતે લગભગ ૯૬ સ્ટોલો રાખવામાં આવેલ. સમાજના વ્યવસાય કરતા સાહસિકોની માગણીને અનુલક્ષીને સહરા સ્ટાર પંચતારક હોટલ ખાતે બીજા તથા **ત્રીજા ટ્રેડફેરનું ભવ્ય આયોજન થયેલ જેમાં ૧૫૦ સ્ટોલ ધારકોનો સમાવેશ કરાયેલ.**

પ્રતિ વર્ષ વધતા જતાં સ્ટોલ ધારકો અને મુલાકાતીઓને અદમ્ય ઉત્સાહ નિહાળી ચાલુ સાલે શતાબ્દી વર્ષની ઉજવણીને ઉપલક્ષમાં લઈ મુંબઈના મધ્યમાં આવેલ NSCI Dome ખાતે ચોથા ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''નું આયોજન બે દિવસ માટે કરાયેલ છે. જેમાં અંદાજે ૧૮૫ સ્ટોલ ધારકોને સમાવી લેવાની ગણતરી છે. આ ટ્રેડફેરમાં સમાજના ઉપર્યુક્ત મોભીઓની સ્ટોલ સાથેની હાજરી અને Sucess Story ઓથી સમાજનાં સૌ તેમજ આવનાર મુલાકાતીઓ વાકેફ થઈ પોતાના વ્યવસાયમાં પ્રોત્સાહિત થશે.

❑ **સંપાદક સમિતિ**

## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૯થી માર્ચ - ૨૦૨૦ના વર્ષ માટે મંડળમાંથી આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય અને મહિલા ઉત્કર્ષ સહાયના અરજીપત્રકો આપવાનું શરૂ થઈ ગયેલ છે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૧૦ જુલાઈ, ૨૦૧૯ સુધીમાં ભરીને સંસ્થાના મરીનડ્રાઈ, ગોરેગામ, બોરીવલી તથા પાટણ ખાતેના કાર્યાલયોમાં મોકલી આપવાના રહેશે.

મંજુર થયેલ સહાય તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

**સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક, આ ત્રણ બૅન્કમાંથી** કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

## Details of Corpus and Sahay for Social Upliftment

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Application in Nos. | Sanction Rs.in Lacs |
|---|---|---|---|
| | 2018 - 2019 | | |
| **Aarthik & Bhada Sahay** | | | |
| 1. Smt Motiben Manilal Vadilal Zaveri Fund | 18.94 | 73 | 14.22 |
| 2. Smt. Hansaben Rameshchandra Chabildas Jhaveri Fund | 29.00 | | |
| **Bhada Sahay** | - | | |
| **Mandal Fund** | **35.63** | **97** | **3.58** |
| **Total** | **83.57** | **170** | **17.80** |
| **Mahila Utkarsh Sahay** | | | |
| Late Kanchi Jatinkumar Zaveri (Saheba) Fund | 14.52 | 43 | 10.14 |
| **Mandal Fund** | **4.55** | | |
| **Total** | **19.07** | **43** | **10.14** |
| **Senior Citizen Sahay** | | | |
| 1. Shri Kesarichand Jesinglal Shah Fund | 20.67 | 154 | 26.41 |
| 2. Smt Kantaben Chimanlal Shah Fund | 7.50 | | |
| 3. Smt. Kalaben Laxmichand Zaveri Fund | 7.50 | | |
| **Mandal Fund** | **75.11** | | |
| **Total** | **110.78** | **154** | **26.41** |
| **Viklang Utkarsh Sahay** | | | |
| 1. Shri Alkesh Bhadrakumar Memorial Trust Fund | 9.05 | | |
| 2. Shri Pannalal Mafatlal Chudgar Fund | 11.70 | | |
| 3. Smt.Niruben Sevantilal Dalpatchand Shah Fund | 7.62 | | |
| **Mandal Fund** | **75.60** | **20** | **6.28** |
| **Total** | **103.97** | **20** | **6.28** |
| **Udhyam Protsahan** | | | |
| 1. Arvindbhai Girdharlal Shah | 18.38 | 15 | 6.65 |
| **Mandal Fund** | | | |
| **Grand Total** | **335.77** | **402** | **70.91** |


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

# POISONS, WHICH WE ALL CONSUME EVERYDAY...

Colour white represents purity but white food items which are processed and refined to appear white in colour are harmful. Many of us are not aware about **five white poisons** which we consume every day can be really dangerous and harmful to our health. All these products are low in fiber and have very little nutritional value. By consuming these products for a long period of time we expose our body to serious diseases like obesity, high blood pressure, heart diseases, diabetes and certain types of cancer that are hard to treat.

***Dr. David Kessler*** in his book ***"The End of Overeating"*** describes the white food as robbed of its nutrients, very easy to eat in large quantities and yet not satisfying.

**Refined Flour (Maida)** is one of such white food. Use of maida is increasing rapidly in our day-to-day life. We are consuming refined flour in the form of bread and sometimes at food joints in the form of fast food items.

A grain is made up of three parts: the bran, germ and endosperm. The bran is the outer coating which is rich in fiber, antioxidants and vitamin B. The germ, the innermost layer, contains minerals, protein and fat. The endosperm, found in the middle, which is the starchy part of the grain and it is mostly carbohydrates.

The production of white flour involves removal of the bran and the germ, leaving only that starchy endosperm resulting in stripping away of the most nutritional aspects of the grain, further bleaching it with a chemical bleaching agent to make it appear bright white.

The products made with white flour are very hard to digest and undigested starch swells in the intestinal tract, thereby disrupting the process of digestion which leads to constipation and diabetes. **A healthier replacement of refined flour is whole wheat / wheat flour.**

Next white food item is **Refined / White Sugar.** Most of us will be surprise to know that white sugar is not even real food, it is just a pure chemical substance extracted from plant sources such as sugar cane or beet.

During extraction process, lime is added in the liquid containing sugar and this is where the alkaline reaction kills almost all vitamins, then carbon dioxide is added to accelerate lime, this sugary liquid passes through tubes that separate impurities. Then comes another treatment with calcium sulfate and sulfuric acid bleaching and leaves almost crystal white sugar.

Refined sugar has no proteins, vitamins, minerals or fibers; it only contains lots of calories, which have harmful effects on metabolism. Before sugar enters the bloodstream from the digestive tract, it is broken down into two simple sugars, viz glucose and fructose. For people who are inactive, large amounts of fructose get turned into fat which is the cause of obesity, type 2 diabetes, nutritional imbalance, cavities etc. **A healthier replacement is honey and jaggery.**

**Refined Table Salt** is next white food item which most of us consume on a daily basis, which is in fact sodium chloride. According to many studies, the consumption of this refined salt on a daily basis may lead to cardiovascular issues. Salt makes our body hold on to water. If we eat too much salt, the extra water stored in our body increases our blood pressure. **In India one in every three adult is affected by high blood pressure.** Therefore, generally it is recommended to follow low-salt diet. Normal salt contains iodine, which is needed for a healthy body, but refining of salt removes iodine. **A healthier replacement is natural sea salt or rock salt,** which is composed of 92 minerals beneficial for our body.

Even **Refined / White Rice** is a result of refining process, which consists mainly of starch. According to researchers at the **School of Public Health Harvard University** in the USA, white rice causes sudden increases in glucose levels in blood stream, which is a risk for diabetes. The scientists found that those who ate five or more servings of white rice per week had 17% higher risk of diabetes than those who ate less than one serving per month.

According to a study published in the ***"American Journal of Clinical Nutrition",*** consuming refined grains instead of whole grains may result in atherosclerosis or thickening of the arteries, which is a risk factor for heart disease. **A healthier replacement recommended by dietitians is brown rice.**

Even **Pasteurized Milk is** one of the five white poisons. The process of pssteurization gives milk a longer shelf-life, but harms its nutritive value. It removes enzymes, vitamin A, B 12 and C from the milk, allowing transfers of hormones and antibiotics into the milk. Pasteurization kills the natural enzymes and destroys all its phosphatase. Frequent drinking of such milk contributes to the formation of allergies, constipation, diabetes and osteoporosis. **A healthier replacement could be soya milk** or include cabbage, nuts, kale, broccoli etc in diet.

So folks, in order to stay healthy and in shape, it is important to eat a rainbow of foods and avoid white / refined food from daily diet.

❑ **VIRAL NARENDRA JHAVERI**

## ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **શનિવાર તથા રવિવાર તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના બે દિવસ** માટે સમાજના નાના મોટા ઉદ્યમ વ્યવસાય કરતા પરિવારો માટે મુંબઈના મધ્યમાં આવેલ **NSCI Dome,** વર્લી ખાતે **''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''નું ભવ્ય આયોજન** કરવામાં આવેલ છે, જેમા લગભગ ૧૮૫ સ્ટોલો રાખવામાં આવશે. રેડીમેડ / ડિઝાઈનર ગારમેન્ટના સ્ટોલ ધારકોની સુવીધા માટે કોમન ટ્રાયલ રૂમોની વ્યવસ્થા છે.

ગતાંક માં છપાયેલ સ્ટોલ માટેના ફોર્મ ઘણા વ્યવસાયિકો દ્વારા ભરીને મોકલવામાં આવેલ છે તેમ છતાં આપના દ્વારા સ્ટોલ માટેનું ફોર્મ ભરવાનું **સંજોગોવશાત રહી જવા પામેલ હોય, તો તા. ૫-૭-૨૦૧૯ સુધીમાં સંસ્થાના ત્રણે કાર્યાલયો ખાતે સંપૂર્ણ વિગતો તથા ડિપોઝીટની રકમનો ચેક સાથે મોકલાવી આપવા ખાસ વિનંતી.**

**ખાસ નોંધઃ** (૧) સંસ્થા દ્વારા યોજાનાર આ **''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''માં** રખાયેલ કોઈપણ સ્ટોલ ઉપરથી કરવામાં આવેલ ખરીદ કે વેચાણ સંબંધે જી.એસ.ટી. કે અન્ય વેરાઓ ભરપાઈ અંગેની સઘળી કાનુની જવાબદારી સ્ટોલધારકની જ રહેશે.

(૨) દરેક સ્ટોલ ધારકો દ્વારા ભરાયેલ ફોર્મ પરત્વે **''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર''** સમિતિ દ્વારા ચકાસણી કર્યા બાદજ માન્ય કે અમાન્ય રાખવામાં આવશે.

(૩) વિશિષ્ટ લોકેશનવાળા કેટલાક અનામત રખાયેલ સ્ટોલો પ્રિમિયમનાં ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## Digital Business Directory
## Yellow Pages

આ ડિજીટલ યુગમાં તમારી વેબસાઈટ એ તમારી પ્રવૃત્તિઓનું વિશાળ વિઝિટિંગ કાર્ડ બન્યું છે તેજ રીતે આ ડિજીટલ ડિરેક્ટરીના અનેક લાભો થશે. તેને ધ્યાનમાં લઈને **સમાજના વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, વ્યવસાયિકો તેમજ ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ રીતે આજિવીકા રળતા સભ્યોની શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ''યલો પેજીસ ડિરેક્ટરી'' પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવેલ છે, જેની સઘળી વિગતો ગતાંક માં પ્રસદ્ધિ કરવામાં આવેલ છે.**

**સમાજના ઘણા પરિવારો દ્વારા તે અંગેનું ફોર્મ સંપૂર્ણ વિગતોસહ ભરીને મોકલાવેલ છે તેમ છતાં હજું ઘણા વ્યવસાયિકો દ્વારા તેમની વ્યવસાયની વિગતો સાથેનું ફોર્મ ભરાયેલ નથી. તો મોડામાંમોડું ફોર્મ તા. ૦૫-૦૭-૨૦૧૯ સુધીમાં** સંપૂર્ણ વિગતોસહ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કે પાટણ ખાતેના કાર્યાલયોમાં મોકલાવી આપવું. તેમજ મંડળના મુખ્ય કાર્યાલયમાં ઈમેલ તથા ઓનલાઈન દ્વારા ફોર્મ ભરી મોકલી આપવા.

**યલો પેજીસનું ગુગલ ફોર્મ** નીચે મુજબની લિન્ક દ્વારા પણ મળી શકશે, જે Online ભરીને પણ મોકલાવી શકાશે.

**Online Form: www.patanmandal.org/businessdirectory**

ફોર્મની સાથે આપનું વિઝિટીંગ કાર્ડ હોય તો અવશ્ય જોડવું.

## Digital Directory
### *P for P 2019*

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પ્રસિદ્ધ થનાર વ્યવસાય ઉદ્યમ કરતા પરિવારજનોની યલો પેજ ડિરેક્ટરીના પ્રકાશનના વિશાળ ખર્ચમાં સહાયક થવા નીચે મુજબ જાહેર ખબરો સ્વીકારવાનું નક્કી કરેલ છે. આ ડિરેક્ટરી A4 સાઈઝ મલ્ટી કલર ૨૫૦ પેજની રહેશે. સમાજના સખી દાતાઓને ઉપરોક્ત ડિરેક્ટરીમાં પોતાની જાહેરાત આપી સંસ્થાને સહાયક થવા નમ્ર વિનંતી છે.

### *ADVERTISEMENTS (COLOUR)*

| | |
|---|---|
| Front Inside Page Left | Rs. 40,000/- |
| Front Inside Page Right | Rs. 30,000/- |
| Both above Pages togather (Front inside) | Rs. 60,000/- |
| Back Inside Page Left | Rs. 40,000/- |
| Back Inside Page Right | Rs. 30,000/- |
| Both above Pages togather (Back inside) | Rs. 60,000/- |
| Back Cover Page | Rs. 50,000/- |
| Full Page | Rs. 10,000/- |
| Half Page | Rs. 5,000/- |

**The advertisements will be Limited and Selection will be at the discretion of the Committee. Those who do not have Website are advised to make one, and names contacts of patani Webdesigners will be available on PJM website.**

વધુ વિગત માટે મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવો.

**Yellow Page Digital Directory ની વિશિષ્ટતા**

**તમારી વેબસાઈટનો QR Code જનરેટ કરીને પ્રિન્ટ કરવામાં આવશે જેથી ડિરેક્ટરી યુઝર્સ મોબાઈલથી QR Code Scan કરી તમારી સંપૂર્ણ વ્યવસાયિક માહિતી મોબાઈલમાં મેળવી શકશે જે તમારા વ્યવસાયને વધારવા ઉપયોગી થઈ શકશે.**



## PRIDE OF PATAN

**Harshil Dhiren Pravinchandra Shah,** (Mahadevajini Sheri) age 25yr. MBA candidate at K J Somaiya Institute of Management Studies & Research Mumbai, was the national runner-up at the Business Standard Best B-School Project Award 2018 for developing a "Budgeting forecasting tool" and "Category strategy dossier for the meetings and events category". The competition was hosted by **"Business Standard newspaper,"** had 131 participants from all the top business schools of India including IIM-A, IIM-B, IIM-C & IIT's.

The competition involved 6 rounds of elimination and the candidates projects we're judged by an business stalwarts like Ajit Balakrishnan- Founder & CEO of Rediff.com, Nishi Vasudeva- Former CMD of HPCL, Rajay Gupta- Senior Partner at McKinsey. The parameters on which the students we're judged were - difficulty of the problem, research & analysis carried out, solution provided & ease of implementation.

Harshil's project aimed to build a budgeting forecasting tool for a company's team of corporate executives (CXO). Specifically, Harshil's job was to help the CXO team of one of GEP Worldwide's clients forecast their indirect spend for FY19.

Harshil built a budgeting forecasting tool which provided future price estimates for the client firm's Top 5 spending categories in North America. He analysed close to 55 independent variables and forecasted the five cost drivers using programming languages and software used for statistical analysis. Finally, the end results of the model were visualised in a way that made it easy to use for the client's CXO team.

## CROSSROADS

Today I stand at a place and don't know
what to do next,
Today I see the path but don't know which to take,
Today I realize that where I am standing is
nothing but just a crossroads.
They say when on a crossroads your life is going nowhere
I say when I am at crossroads, my life seems to be
going places.
They say it's scary to be at me
What if the path thy select is wrong,
I say it is an opportunity to be at one
As there are so many options to choose from.
As I believe it's not the road that is right or wrong,
It's the decisions that you take,
As it's not the road that leads to success!!!
It's the belief in yourself that does!

❑ **Darshil Kamleshbhai Shah**

## શ્રદ્ધા અને સફળતા

ધન્ય કઈ ઘડીઓને કહું ! વાત કોને કરું !
સતત જાગતો રહી એ ગીતો ગાયા કરે,
શબ્દ બોલે નહીં ભેદ ખોલે નહીં,
પવન પાંખડીઓ વેર્યા કરે...

શ્રદ્ધા અને સફળતા સાથે કામ કરીએ
તો સ્વયં ને જાણવાની જીજ્ઞાસા રહે,
શ્રદ્ધા વગર કામ કરીએ
તો તે નાકામ અને નિર્થક રહે...

અહંકારી સ્વભાવથી બુદ્ધિથી
રૂંધાતો જાય આ હૃદય ભાવ,
કર્મનું ફળ પામવા જાત મહેનત
જિંદાબાદ એજ ઉપાય સમભાવ...

સારા કામની કરવાની ઈચ્છાઓ જાગે
તો સાત્વિક વિચારોની જીજ્ઞાસાઓ જાગૃત થાય.
જીજ્ઞાસાઓ જેમ વધતી જાય
એમ જીજ્ઞાસાના ભાવનો ઉદય થાય...

શિયાળામાં હૂંફ મેળવવા અગ્ની પાસે બેસી
તે મેળવવામાં આવે છે,
શ્રદ્ધા સાથે સફળતા મેળવવા માણવાં સુવિચારો અને
સારા કામનો સહારો લેવામાં આવે છે.

❑ **શ્રી જતીન બાલુભાઈ શાહ**

## શું તમે થાકી ગયા છો ?

૭૫ વર્ષના દિલીપભાઈ બોલ્યા, મારું કશામાં મન નથી લાગતું. કંઈ ગમતું નથી. પ્રત્યેક વસ્તુનો થાક લાગે છે. ૮૦ વર્ષના મનોજભાઈ બોલ્યા, ભુતકાળમાં એવી ભુલ કરી નાખી છે એ મનમાંથી ખસતું જ નથી. શરીર સાથ ન આપતું હોવા છતાંય મનહરભાઈની જિંદગી પાસેની અપેક્ષા ઓછી થતી નથી.

આ બધુ જોતાં રમેશભાઈ બોલ્યા, શારિરીક થકાવટ માનસિક વિચારોથી વધારે આવે છે. પરાવલંબી ન થતાં પરોપકારી અને મદદરૂપ થતાં વધારે સંતોષ મળે છે.

ભૂતકાળનો પશ્ચાતાપ ન કરતાં, ભવિષ્ય માટે અપેક્ષા ન રાખતા દરેક ક્ષણ સુકાયેલા પાનની જેમ હવામાં તરંગતા જવુ અને પ્રભુએ આપેલુ માન્ય કરવું એજ સાચી જ્ઞાન પ્રાપ્તિ.

જિંદગી સાથે તડજોડ ન કરતાં જે છે તેને સહૃદયે અપનાવી લેતાં, જીવનમાં નવું જોમ આવે છે અને લોકો આનંદથી પૂછે છે How's the Josh?"

❑ **શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

શ્રી પાટણ જૈન મંડળ

# પાટણ શતાબ્દી ગૌરવ ફંડ

સંસ્થાની શતાબ્દિ ઉજવણી પ્રસંગે આવક સ્ત્રોતો વધારવા માટે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ યોજના શરૂ કરવામાં આવેલ છે. **જેમાં રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ, સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ અને રજત સ્થંભ રૂા. ૫ લાખ યોજના અંતર્ગત આપશ્રી દાન આપી જોડાઈ શકો છો. નોંધાવેલ રકમ ત્રણ વર્ષની અંદર આપવાની હોય છે.**

## રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ

| દાતાશ્રીના નામ | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|
| સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | વાલકેશ્વર/વરલી | કુંભારીયા પાડો |
| સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | વાલકેશ્વર/વરલી | કુંભારીયા પાડો |
| શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ | વાલકેશ્વર | કુંભારીયા પાડો |
| શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ | ,, | કુંભારીયાપાડો |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | ,, | મલ્લાતનો પાડો |
| શ્રીમતી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ | ,, | મલ્લાતનો પાડો |
| શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ | ,, | કપુર મહેતાનો પાડો |
| શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ | ,, | ચોધરીની શેરી |
| શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ | ,, | ભાભાનો પાડો |
| બાબુ હર્ષભાઈ નરેન્દ્રકુમાર પનાલાલ | ,, | ખજુરીનો પાડો |
| બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ | ,, | - |
| શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ | ,, | વખતજીની શેરી |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | મરીનડ્રાઈવ | સિદ્ધચક્રની પોળ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | ,, | કનાસાનો પાડો |
| શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | ,, | ઢંઢેરવાડો |
| શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા | ,, | મનમોહનજીની શેરી |
| શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર શાહ | ,, | વખતજીની શેરી |
| શ્રીમતી અરૂણાબેન બાબુલાલ છોટાલાલ શાહ | ,, | વખતજીની શેરી |
| શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ | ,, | કેશુશેઠનો પાડો |
| શ્રી નિરંજનભાઈ ચીમનલાલ શાહ | ,, | ચોધરીની શેરી |
| શ્રી ગુણવંતલાલ મણિલાલ શાહ | ,, | ભાભાનો પાડો |
| શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ | ,, | મલ્લાતનો પાડો |
| શ્રી જે.કે. શાહ | કેમ્પ્સ કોર્નર | ભાભાનો પાડો |
| ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ | જૂહુ | ભાભાનો પાડો |
| શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ | જૂહુ | ઢંઢેરવાડો |
| શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ | ગોવાલિયા ટેન્ક | ડંકમહેતાનો પાડો |
| શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ | તારદેવ | ચિતારાની ખડકી |
| શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી | પ્રાર્થના સમાજ | કનાસાનો પાડો |
| શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | ગીરગામ | કુંભારીયા પાડો |
| શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી | મહાલક્ષ્મી | મણિયાતી પાડો |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ | અંધેરી | સાલવી વાડો |
| શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ પોપટલાલ શાહ | કાંદિવલી | શામળાજીની શેરી |

## સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ

| | | |
|---|---|---|
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) | વિલેપાર્લા | કનાસાનો પાડો |
| શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી | વિલેપાર્લા | મનમોહનજીની શેરી |

## રજત સ્થંભ રૂા. ૫ લાખ

| | | |
|---|---|---|
| શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી | જાપાન | ખેતરપાળનો પાડો |
| શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ | મરીનડ્રાઈવ | ખજુરીનો પાડો |
| શ્રી જયંતિલાલ મણિલાલ દેવડાવાળા | વિલેપાર્લા | લીમડીનો પાડો |

## સાભાર સ્વીકાર

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ :**

૮,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**મંડળ શતાબ્દી ઉજવણી જનરલ રીલીફ ફંડ**

૫,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**પાટણ શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ :**

૪,૦૦,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ પોપટલાલ શાહ (ખેતરવસી-શામળાજીની શેરી)

**વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી ભેટ :**

૧,૫૧,૦૦૦/- શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)

૨૫,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો) શ્રીમતી મૃદુલાબેન પ્રફુલભાઈ શાહના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઋણ અદાયગી

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ :**

૫૧,૦૦૦/- જે.કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો) ચિ. અંકિત યશમુખભાઈ શાહના સ્મરણાર્થે

૨૫,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો) શ્રીમતી મૃદુલાબેન તથા પ્રફુલભાઈ કાંતિલાલ શાહની દાંપત્ય જીવનની ૫૦મી સુવર્ણ સાલગીરીની ખુશાલીમાં.

**દવા સહાય ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી દિપ્તીબેન ભરતભાઈ સેવંતીલાલ મણિયાર (ચોધરીની શેરી) સ્વ. શ્રીમતી કુસુમબેન સેવંતીલાલ મણિયારના સ્મરણાર્થે.

૧૧,૦૦૦/- નિલેશભાઈ રમણલાલ દોશી ગૃહ જીનાલય પ્રતિષ્ઠા કરાવી તેની ખુશાલીમાં

**મેડિકલ / શિક્ષણ / વૃદ્ધજન સહાય ભેટ**

૫૧,૦૦૦/- શ્રી વનરાજભાઈ ભરતભાઈ ચોક્સી શ્રીમતી નિરંજનાબેન (નિરૂબેન) ભરતભાઈ ચોક્સીના સ્મરણાર્થે (ખેતરવસી-નિશાળની શેરી)

**મેડિકલ / આર્થિક / વૃદ્ધજન સહાય ભેટ**

૧૫,૦૦૦/- સ્વ. નિર્મળાબેન ફતેહચંદભાઈ શાહના આત્મ શ્રેયાર્થે. હ. પંકજભાઈ ફતેહચંદ શાહ શ્રી મનીષભાઈ ફતેહચંદ શાહ (કેશુશેઠનો પાડો - રાજકાવાડો)

## શ્રી પાટણ જૈન મંડળ
## શતાબ્દી ઉજવણી કાર્યક્રમ

**મલાડ થી વિરાર વસતા સમાજના પરિવારજનો માટે જ**

**દિનાંક રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૧૯**

**સ્થળ : પ્રબોધનકાર ઠાકરે નાટ્ય મંદિર, બોરીવલી (વે), મુંબઈ.**

**સમય : સવારે ૧૦.૦૦**

**અલ્પાહારની કુપન તથા પ્રવેશ પાસ રૂા. ૫૦/- ટોકન ભરી ગતાંકમાં છપાયેલ સંપર્ક સૂત્રો પાસેથી મેળવી લેવા.**

**નોંધ: કાર્યક્રમની વધુ વિગતો મે-૨૦૧૯ના પાટણ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.**


**PATOLA OF PATAN PVT. LTD**

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | કુસુમબેન અરવિંદભાઈ શાહ * | ૭૭ | મરીનડ્રાઈવ | ૧૬-૦૫-૧૯ | વૈશાખ સુદ ૧૨ |
| વિશા પોરવાળ | ડંકમહેતાનો પાડો | પ્રિતીબેન પંકજભાઈ શાહ | ૫૫ | મુલુંડ | ૧૬-૦૫-૧૯ | વૈશાખ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | અંકિત યશમુખભાઈ શાહ | ૩૯ | વાલકેશ્વર | ૨૫-૦૫-૧૯ | વૈશાખ વદ ૦૬ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | તરલાબેન કીર્તિભાઈ શાહ | ૮૫ | અંધેરી | ૨૭-૦૫-૧૯ | વૈશાખ વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | ચીનુભાઈ સુંદરલાલ શાહ | ૯૦ | બોરીવલી | ૦૨-૦૬-૧૯ | વૈશાખ વદ ૧૪ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | હંસાબેન અશોકભાઈ શાહ | ૭૩ | અંધેરી | ૦૪-૦૬-૧૯ | જેઠ સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | ભરતકુમાર રમણલાલ શાહ | ૮૧ | સાંતાક્રુઝ | ૦૮-૦૬-૧૯ | જેઠ સુદ ૦૬ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | રાજમતીબેન વ્રજલાલ શાહ | ૯૩ | પાટણ | ૧૪-૦૬-૧૯ | જેઠ સુદ ૧૨ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**




❑ **SANJAY DINESH SHAH** a Patni, (Siddhchakra Ni Pol) currently residing in Chicago, USA , who is the founder and CEO of Vistex, a global software company, established in the year 1999, headquartered in Chicago with presence in 18 countries, was awarded the most prestigious EY Technology Entrepreneur of the Year 2019 award for the Mid-West region, US, on 12th June, 2019 at an evening banquet held at the Navy Pier in Chicago. The EY Entrepreneur Of The Year program is a global series of events that celebrate visionary, dynamic and unstoppable founders and entrepreneurs that peopel business forward.

Nominated by SAP and included in the most competitive category, Technology, Sanjay closed out the evening with the win! Now, Sanjay advances to the EY US National Entrepreneur of the Year award ceremony that will take place later this year.

In his acceptance speech he says, our goal is to be the first billion-dollar revenue software company in Chicago and that the company he has built is the Midwest answer to Silicon Valley. Further he dedicates this award to his leadership team, the mavericks, who has been with him throughout this journey and without which this wouldn't have been possible.

Entrepreneur Of The Year is the only global business recognition program held on six continents and in more than 60 countries including India. The EY Entrepreneur Of The Year 2018, India, was awarded to Siddhartha Lal of Eicher Motors and the Tech Mogul award went to Azim Premji of Wipro for lifetime achievement.

Shree Patan Jain Mandal wishes his parents (Dineshbhai and Nayanaben who happen to be the current President and First Lady) on this momentous occasion and Sanjay for his remarkable achievement and doing us all proud. This indeed is a source of inspiration for all Patnis. We wish him the very best in all his future endeavors.



❑ **Ms. SAKSHI BHAVESH SHAH**, daughter of Smt. Amishi and Bhavesh Sudhirbhai Shah (Kanasano Pado), recently participated and represented India in the 31st BUSAN MAYOR'S CUP AND 12th KOREA OPEN INTERNATIONAL KARATEDO CHAMPIONSHIP held in Busan, South Korea. Participants from 15 countries had participated in this prestigious championship. Ms. Sakshi was individually awarded 1 Gold Medal and 1 Gold plus 1 Bronze Medal in team events.

Many congratulations to Ms. Sakshi from entire Patni Community and we wish her all the best for her bright future and continue to bloom in your career.



❑ **JIGNA SHAH OZA** wins the coveted World Star Packaging 2019 Award for Orbango Juice at a major event of the World Packaging Organisation (WPO) at Prague, Europe. This award is presented only to those whose packs have already won national or regional competitions. 319 packaging projects from 35 Countries were judged by 20 international packaging associations and WPO members. This follows the earlier awards won namely Asia Star, India Star and the India's Best Design Project. Orbango Juice brand is owned by Koppersmith Ventures, a company owned and run by kamal Oza. Shree Patan Jain Mandal congratulates Jigna, daughter of Shri Mahendrabhai (Gunderwala) and late Smt. Tarunaben (Vasupujyani Seri) on her victory and wishes her more success in the future as well.



❑ **VIDHI DHIREN SHAH** daughter of Smt. Nikita and Dhirenbhai Pranvinchandra Shah (Mahadevajini Sheri), was awarded as the Gold medalist, batch 2016-2018, from k.J Somaiya Institute Of Management Studies & Research. She completed her MBA in finance and is now working as an investment banker with CitiCorp in their Mumbai office.

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB ● June 2019 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલીત
## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય-પાટણ




ગર્વથી કહો અમે
બી.ડી.એસ.વી.ના
વિદ્યાર્થી છીએ



## શિક્ષણક્ષેત્રે સેવાના ૭૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

| અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી<br>૧૪-૧૫ ડીસેમ્બર ૨૦૧૯, પાટણ | ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન<br>સપ્ટેમ્બર ૨૦૧૯ મુંબઈ-સુરત |
|---|---|

**સમગ્ર ભૂતપૂર્વ શિક્ષકગણ-વિદ્યાર્થીગણ તથા વિદ્યાલય સમર્પિત શ્રેષ્ઠીઓને પધારવા**

**આગોતરું આમંત્રણ** ***Pre invitation***

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિનંતી કે, પ્રતિબિંબમાં આપેલ ફોર્મ વિગતવાર ભરી મેલ, વોટસઅપ અથવા તો આપેલ એડ્રેસ પર મોકલી આપશો. જેથી કાર્યક્રમ-આમંત્રણ કાર્ડ અને પ્રોગ્રામ ટીકીટ તથા જરૂરી માહીતી પ્રસંગોપાત મોકલી શકાય.
આપના પરિચયમાં હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ ફોર્મ ભરવા અંગેની જાણકારી આપશો.

## સોમીરા પાટણ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા ગત વર્ષની માફક ચાલુ સાલે પણ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેનાર ખેલાડીઓએ નીચે મુજબની લિન્ક દ્વારા તા. ૧-૭-૨૦૧૯થી ઓનલાઈન પોતાના નામ રજિસ્ટ્રેશન કરાવવાના રહેશે. તેમજ રજિસ્ટ્રેશનના રૂા. ૨૦૦૦/- તથા દરેક ખેલાડીએ ફોટો પણ ફરજિયાત સંસ્થાના નીચે મુજબના ત્રણેય કાર્યાલયો ખાતે કામકાજના સમયે ભરપાઈ કરવા વિનંતી.

**પ્રત્યેક ખેલાડીએ રૂા. ૨૦૦૦/- રજિસ્ટ્રેશન ફીના ભરવાના રહેશે, પ્લેયર ઓક્શન પશ્ચાત માત્ર અનસોલ્ડ ખેલાડીઓને જ રજિસ્ટ્રેશન ફી પરત કરવામાં આવશે જેની નોંધ લેવી.**

**મુખ્ય કાર્યાલય :** શ્રી પાટણ જૈન મંડળ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧ ૧૩૪૬/૨૨૮૧ ૧૨૧૮ મોબાઈલ : ૮૭૭૯૧૬૧૨૦૯
**શાખા કાર્યાલય :** બોરીવલી : એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૬૮. ફોન : ૨૮૯૧ ૧૩૦૮
ગોરેગામ : રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૬૨. ફોન : ૨૮૭૭ ૬૦૯૦

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | PJM | Sun | 14 July | Ashadh S 13 | 10 am to 1 pm | Prabodhan Natiya Gruh | Musical Program |
| 2. | PJM | Sat | 14 Sept. | Bhad S 15 | 9 am to 9 pm | NSCI Dome, Worli | Industrial Trade fair |
| 3. | PJM | Sun | 15 Sept. | Bhad V 01 | 9 am to 9 pm | NSCI Dome, Worli | Industrial Trade fair |
| 4. | PJM | Sun | 24 Nov. | Kartak V 13 | 9 am to 9 pm | NSCI Dome, Worli | Centenary Celebration |
| 5. | Vidhyalay | Sat, Sun | 14-15 Dec. | Mag V. 2. 3 | | Patan | |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,